# <u>શ્રીપાલ રાસ : નવપદ - આરાધનાની અનુપમ કથા</u>

- <u>**ડૉ. અભય દોશી**</u>

**'શ્રીપાલ રાસ'** એ અઢારમી સદીના બે જૈન સાધુ-કવિઓની સંયુક્ત રચના છે. વિશ્વમાં 'કાદમ્બરી' અને બીજી એવી કેટલીયે સંયુક્ત રચના છે કે, જેનાં પિતાનું પ્રારંભેલું સર્જનકાર્ય પુત્ર પૂર્ણ કરે. આ ગુરુનું આરંભેલું શિષ્યે પૂર્ણ કર્યું હોય, પરંતુ 'શ્રીપાલ રાસ' એ વિશિષ્ટ રચના છે.

મધ્યકાલીન સાહિત્યમાં રાસ એ ખુબ જ લોકપ્રિય અને વ્યાપક પ્રકાર હતો. રાસ પ્રારંભે ગેય અને નર્તનસૂત્ર પ્રકાર હતો, પરંતુ ક્રમશઃ રાસમાં કથાનું તત્વ વધવા માંડ્યું, તેને પરિણામે રાસ નર્તનસૂત્રને સ્થાને પાઠ્ય બન્યો. જિનમંદિરોમાં તાળી અને લાકડીઓથી રમતો રાસ પર્વીના માધ્યમથી વંચાવવા મંડ્યો. તેની સુમધુર દેશીઓથી સમૂહમાં ગાન થવા મંડ્યો. આ પ્રકારની અપાર લોકપ્રિયતાને જોઈ અનેક જૈનમુનિઓએ આપણા કથાસાહિત્યનો વિશાળ ખજાનાને 'રાસ'ના રૂપમાં ઢાળ્યો. આપણા પ્રારંભકાલીન રાસાઓમાં 'ભરતેશ્વર બાહુબલી રાસ' (શાલિભદ્રસૂરિ), ગૌતમસ્વામી રાસ (વિનયપ્રભ ઉપાધ્યાય), રેકતાગીરી રાસ (વિજયસેનસૂરી) આદિ નોંધપાત્ર છે.
શ્રીપાળ કથા શ્વેતામ્બર-દિગંબર બંને પરંપરામાં ખુબ પ્રચલિત રહી છે. શ્વેતામ્બર પરંપરામાં ૧૩મી સદીમાં થયેલા પ.પૂ. આચાર્યદેવશ્રી રત્નસૂરીશ્વજી મ.સા. કૃત 'સિરિ -સિરિ વાલ કહા' એ આ કથાનો મહત્વનો ઓત બની રહી છે. ઉત્તરકાળના કવિઓએ 'સિરિ -સિરિ વાલ કહા'ની પરંપરાને અનુસરીને કથા આલેખી છે.

- ૧) શ્રીપાલ ચરિત્ર (સંસ્કૃત સ્વંયરાજગણિ-૫૦૦ શ્લોક પ્રમાણ)
- ૨) શ્રીપાલકથા - ઉદયસાગરસૂરિ શિષ્ય લબ્ધીસાગરગણી (૫૦૦ શ્લોક પ્રમાણ)
- ૩) વિજયરત્નસૂરી શિષ્ય ધર્મવીર-શ્રીપાળચરિત
- ૪) શ્રીપાળચરિત - ખરતરગચ્છીય જૈકીર્તીસૂરિ (સં.૧૮૬૮, ૧૧૦ શ્લોક પ્રમાણ) - ગદ્ય
- ૫) જીવરાજગણિ
- ૬) સોમચંદ્રગણિ (સંસ્કૃત ગદ્ય)
- ૭) વિજયસિંહસુરી,
- ૮) વીરભદ્રગણિ
- ૯) પ્રદ્યુમ્નસુરી (પ્રકૃત રચના)
- ૧૦) સૌભાગ્યસુરી
- ૧૧) હર્ષસૂરિ
- ૧૨) વિનયવિજય
- ૧૩) લબ્ધીમુનિ
- ૧૪) જ્ઞાનવિમલસૂરિ સંસ્કૃત ઈ. ૧૬૮૯ (ગ્રંથારગ્ર ૧૩૩૪)
- ૧૫) શ્રીપાલ ચરિત્ર-જયકીર્તિ (ઈ.સ. ૧૮૮૨)

- ૧૬)શ્રીપાલ ચરિત્ર - વિજયપ્રભ ઈ. ૧૬૮૨
- ૧૭) હરચંદ સાધુ ઈ.સ. ૧૬૮૪
- ૧૮) શ્રીપાલ ચોપાઈ - ઇશવરસુરી ઈ. ૧૫૦૮
- ૧૯) શ્રીપાલ ચોપાઈ - ઝાતો ઈ. ૧૪૬૮
- ૨૦) શ્રીપાલ ચોપાઈ - રઘુપતિ ઈ. ૧૭૫૦
- ૨૧) શ્રીપાલ ચોપાઈ - રૂપચંદ ઈ ૧૮૦૦
- ૨૨) શ્રીપાલ નરેન્દ્ર ચરિત્ર બાલાવબોધ - સુખસાગર ઈ ૧૦૦૮
- ૨૩) શ્રીપાલ નરેન્દ્ર રાસ - જ્ઞાનસાગર ઉપાધ્યાય ઈ ૧૪૬૫
- ૨૪) શ્રીપાલ ચોપાઈ રાસ - પદ્મસુંદર ઈ ૧૫૮૬
- ૨૫) શ્રીપાલ પ્રબંધ ચોપાઈ - ધર્મસુન્દર ઈ. ૧૪૪૮
- ૨૬) શ્રીપાલ પ્રબંધ ચોપાઈ - રતનલાલ ઈ ૧૬૦૬
- ૨૭) શ્રીપાલ પ્રબંધ ચોપાઈ - સુમતિકિલોળ ૧ ઈ ૧૬૦૬
- ૨૮) શ્રીપાલ મયણાસુંદરી રાસ - લક્ષ્મીવિજય ૧ ઈ ૧૬૭૧
- ૨૯+30) શ્રીપાલ રાજાનો રાસ (મોટો નેનો) જિંહર્ષ ૧ ઈ ૧૬૮૪૪, ઈ ૧૬૮૬
- ૩૧) શ્રીપાલ રાજા મયણાસુંદરી રાસ - તત્વનુંસાર (મુનિ) ઈ.સ.૧૮૩૪
- ૩૨) શ્રીપાલ રાસ - ઉદયવિજય વાચક ઈ. ૧૬૭૨
- ૩૩) શ્રીપાલ રાસ - ઉદયસોં ઈ.સ.૧૮૪૮
- ૩૪) શ્રીપાલ રાસ - ઉદયહર્ષશિષ્ય ઈ.સ.૧૪૮૮
- ૩૫) શ્રીપાલ રાસ - ખુશાલવીજય ઈ.સ.૧૭૪૭
- ૩૬) શ્રીપાલ રાસ - જ્ઞાનસાગર (૪) ઈ.સ.૧૬૭૦
- ૩૭) શ્રીપાલ રાસ - નયસાગર ૧ ઈ.૧૪૭૫
- ૩૮) શ્રીપાલ રાસ - પદ્મવિજય ૨ ઈ.સ. ૧૬૭૦
- ૩૯) શ્રીપાલ રાસ - મહિમાઉય ઈ.સ. ૧૬૬૬
- ૪૦) શ્રીપાલ રાસ - માનવિજય ૧ ઈ.સ.૧૬૪૬
- ૪૧) શ્રીપાલ રાસ - માંડણ ૧ ઈ.સ. ૧૪૪૮
- ૪૨) શ્રીપાલ રાસ - મેરુવિજય ૨ ઈ.સ. ૧૬૬૬
- ૪૩) શ્રીપાલ રાસ - લાલચંદ ૬ ઈ.સ.૧૭૮૧
- ૪૪) શ્રીપાલ ચરિત્ર રાસ - જિનવિજય ૪ ઈ.સ. ૧૩૩૫
- ૪૫)શ્રીપાલ રાસ - ક્ષેમવર્ધન ઈ.સ. ૧૮૨૩
- ૪૬) શ્રીપાલ રાસ - ભુવનકીર્તિ શિષ્ય (મધ્યકાલીન-કૃતું સૂચિ પૃ. ૧૭૧)

દિગમ્બર પરંપરામાં શ્રીપાલ કથાની બે પરંપરા ઉપલબ્ધ છે. એક-સકલકીર્તિ આચાર્ય કૃત અને કોટીંભત કૃત શ્રીપાલ પુરાણ. એમ બે પરંપરા ઉપલબ્ધ થાય છે. દિગમ્બર માન્યતામાં શ્રીપાલ અને મયણાની નગરીઓ, માતા-પિતાના નામ વગેરેમાં ભેદ જોવા મળે છે. 'કોટીંભત્કૃટ શ્રીપાલ પુરાણ ' અનુસાર શ્રીપાળની માતાનુંનામ કુન્દપ્રભા છે, ત્યારે પ્રસિદ્ધ નામ કમલપરતા છે. ધવલશેઠને દિગમ્બર પરંપરામાં ભરૂચના દર્શાવ્યા છે, તો શ્વેતામ્બર પરંપરા કૌશંબીના દર્શાવે છે. ધવલશેઠ દ્વારા શ્રીપાલ-કુમારને સમુદ્રમાં ફેંકાયા, ત્યારે શ્વેતામ્બર પરંપરા નમસ્કાર સ્મરણને પ્રતાપે આવેલા મગરમચ્છ પર બેસી સમુદ્ર પાર કર્યો, એમ દર્શાવે છે. ત્યારે દિગમ્બર પરંપરા સમુદ્રમાં પોતે તરીને ગયા, એમ દર્શાવે છે. શ્વે.પરમ્પરા ૯ રાણીઓ સાથેજ સખી ૧૩ પત્ની દર્શાવે છે, ત્યારે દિગંબર પરંપરામાં ૯૦૦ કન્યાઓનો ઉલ્લેખ છે. એ જ રીતે શ્રીપાલ પુરાણમાં શ્રીપાલના પિતાનું નામ અરિદમન, કાકાનું નામ વિર્દમન દર્શાવ્યું છે. બંને કથામાં પૂર્વભવનું વિધાન સમાન જોવા મળે છે. મૂખ્ય ભેદ એ જોવા મળે છે કે, શ્વે. પરંપરા શ્રીપાળનો નવભવ પછી મોક્ષ મને છે, ત્યારે દિ. પરંપરા આ જ ભવમાં અંતે સપરિવાર દીક્ષા અને મોક્ષ મળે છે. એ જ રીતે મયણા (મદનસુંદરી) અને સુરસુંદરીને દિગંબર પરંપરામાં સગી બહેનો ગણાવી છે. આવા નાના-મોટા ભેદોને છોડીને નવપદ-આરાધના અને નવપક પ્રભાવે રોગોનું શમન આ મુખ્ય વૃતાન્ત સમાન છે. કોઈપણ કથા લોકપ્રિય-જન-જન્મ વ્યાપક બને, ત્યારે આવા રૂપાંતરો સહજ બનતા હોય છે.

- **દિગમ્બર પરંપરામાં**

- ૧)વિદ્યાનન્દી
- ૨)મલ્લીભૂષણ
- 3)શ્રુતસાગર
- ૪) બ્રહ્મ
- ૫) નેમિદત્ત (નવસર્ગોમાં સં.૧૫૮૫)
- ૬)શુભચંદ્ર
- ૭)પં. જગન્નાથ તથા
- ૮)સોંકીર્તિની રચનાઓના ઉલ્લેખ મળે છે.
- ૯+૧૦)એ ઉપરાંત બે અજ્ઞાત રચનાઓ મળે છે.
- ૧૧)ધર્મસુંદરે સં.૧૫૩૧માં શ્રીપાલ ચરિત્ર પર નાટક રચ્યું છે. તો
- ૧૨,૧૩)રઘુ અને નરસેનના સીરીવાલચરીઉમાં પણ દિગમ્બરસમ્મ્ત શ્રીપાલ-ચરિત્ર આલેખ્યું છે.

આમ, શ્વેતામ્બર-દિગમ્બર પરંપરામાં લગભગ ૬૦ કે તેથી વધુ શ્રીપાલ વિષયક મોટી કૃતિઓ ઉપલબ્ધ થાય છે.ભંડારોમાં સંગૃહિવ મોટી કૃતિઓ અને બીજી નાની-મોટી કૃતિઓ અલગ. આ સર્વમાં શ્વેતામ્બર પરંપરામાં આયંબિલની ઓલીને સમયે વિનયવિજયજી-યશોવિજયજીની સંયુક્ત કર્તુત્વવાળી રચના નિશ્ચિત થઇ, જે તેની લોકપ્રિયતાની નિશાની છે.

શ્વેતામ્બર પરંપરામાં સર્વાધિક લોકપ્રિય રચના 'શ્રીપાલ રાસ'ની રચનાનો પ્રારંભ રાંદેર-મુકામે થઇ. ઉપાધ્યાય વિનયવિજયજીએ અકબર બાદશાહ પ્રતિબોધક જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજની પરંપરાના એક તેજસ્વી સાધુ હતા. 'લોકપ્રકાશ'. 'શાંત સુધારાસ' અને એવી જ અનેક વિદ્વતા સભર અને વિશાળ રચનાને કરનારા આ કવિ રાંદેર મુકામે આયુષ્યની ઉત્તરાવસ્થામાં સ્થિરવાસ કરી રહ્યા હતા. રાંદેર સંઘે ભાવભરી વિનંતી કરી કે આપણી કલમે શ્રીપાલરાસની સુમધુર રચના કરો. સંઘની આ વિનંતીનો પ્રત્યુત્તર આપતા વિનયવિજયજીએ કહ્યું કે, તમે આ સર્જન અધવચ્ચે અટકે તો આપ ઉપાધ્યાય યશોવિજયજીને જઈ વિનંતી કરો કે, તેઓ મારી અધૂરી રચના પૂર્ણ કરશે, તો જ હું આ રચનાનો પ્રારંભ કરું. ઉપાધ્યાય યશોવિજયજીએ વિનંતીનો સ્વિકાર કર્યો અને વિનયવિજયજીએ રચનાં પ્રારંભ કર્યો.

એક પછી એક ઢાળો રચાવવા મંડી અને એ રસમય કથા આગળ વધી. પ્રદ્યુમનસૂરીશ્વરજી મહારાજે આ ઘટનાનું ખુબ સુંદર વર્ણન કર્યું છે.

"શ્રી વિનયવિજયજી મહારાજે શ્રીપાળરાજાનો રાસ ખંડ એક ઢાળ એકથી શરૂ કરી પૂર્ણ પાકટ અનુભવજ્ઞાન, રસઝરતી શૈલી, અને શ્રીપાલ અને મયણાની વિવિધ આશ્ચર્યોથી ભરપૂર જીવનકથા પછી શું બાકી રહે! ચાલ્યો રાસ આગળને આગળ.....(ત્રીજા ખંડની બીજી ઢાળમાં) શ્રીપાલ વિણા વગાડવા સભામાં ગયા છે-ત્યાં 'ત્રટ ત્રટ તૂટે તાંત ગયા જાયે ખસી, તે દેખીને સઘળી સભા હસી." આ કદી રચાઈ ત્યાંજ રચનાનો પ્રવાહ થંભી ગયો. વીણાની તાંત તૂટી તો તેની સાથે જ શરીરની નાડીઓ પણ તૂટી. સમાધિ સહિત સ્વર્ગે પ્રયાણ કર્યું. હવે ૭૫૦ ગાથા થઇ. આગળનો ભાગ તો પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે વચન આપ્યું હતું, તેથી એ બધી સામગ્રી તેમને સુપ્રત કરી. ઉપાધ્યાય યશોવિજયજીએ મૂળનો રસાળ ગ્રંથ પોતાની તાત્વિક શૈલીથી વધુ શોભાયમાન કરી ચાર ખંડ પૂર્ણ કર્યો.

શ્રીપાલ રાસની કથા ખુબ જાણીતી છે, એમ છતાં તેનો ટૂંક પરિચય મેળવીએ. ઉજ્જૈની નગરીમાં પ્રજાપાલ રાજા રાજ્ય કરતો હતો. તેને સૌભાગ્યસુંદરી અને રૂપસુંદરી નામે બે પત્નીઓ હતી. રૂપસુંદરી જૈન દર્શન પર અવિહડ વિશ્વાસ ધરાવતી હતી, તો સૌભાગ્યસુંદરી મિથ્યાત્વી દર્શન પર વિશ્વાસ ધરાવતી હતી.આ બંને રાણીઓને એક-એક પુત્રી હતી. આ બંને રાણીઓએ પુત્રીને પોટ-પોતાના સિદ્ધાંતોના પંડિત પાસે ભણવા મોકલી. કન્યાઓ ચોસઠ કળા શીખી, સાથે જ વ્યાકરણ, સંગીત યાદીમાં પરવીન થઇ.કવિ એક સુંદર કલ્પના કરે છે કે, ચંદ્ર પાસે સોળ કળા છે, પરંતુ આ કન્યાઓ પાસે ચોસઠ કળા હોવાથી આવી ચોસઠ કળા મેળવવા જગતમાં પરિભ્રમણ કરી રહ્યો છે. મયણાએ નવતત્વ, કર્મગ્રંથ આદિ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. એક દિવસ રાજાએ પુત્રીની વિદ્યાની પરીક્ષા કરવા માટે બંને પુત્રીઓને બોલાવી. બે ય પુત્રીઓ વિદ્યાકુંશળ હોવાથી બધી બાબતના સુંદર ઉત્તરો આપ્યા. રાજા પ્રસન્ન થયો, અને કેહવા લાગ્યો મનવાંછિત વર માંગો. પછી અભિમાનમાં આવી કેહવા લાગ્યો કે આ જગતમાં સુખ અને દુઃખ મારી ઈચ્છા પ્રમાણે જ જાય છે. હું થાઉં તો મનુષ્યને સુખી કરી દઉં, હું કોપિત થાઉં તો ધૂળધાણી કરું. સુરસુંદરીએ કહ્યું, પિતાજી, આપની વાત સાચી છે. તરત જ પિતાએ તેના મનપસંદ કુરુજાંગલાદેશના રાજા અરિદમન સાથે લગ્ન કરાવી આપ્યા. રાજાના આ અભિમાનની આગળ કર્મગ્રંથની જાણકાર પયનાએ મસ્તક ધુણાવ્યું. ત્યારે રાજાએ

પૂછ્યું કે, બેટી તને આ વાત રુચતી નથી? ત્યારે મયણા વિવેકપૂર્વક ઉત્તર આપે છે કે, આપણા વૈભવનો ગર્વ કરવો ઉચિત નથી. આ જગતમાં મનુષ્ય જે સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે, તે પોતાના કર્મના પ્રભાવે થાય છે. ત્યારે રાજા ચિડાયો। ક્રોધમાં વ્હાલી દીકરી પણ વેરણ સમી લાગી.

મયણાએ કર્મનું તત્વજ્ઞાન સમજાવવાનો પ્રયત્ન કરી, પરંતુ રાજા શાંત થયો નહિ. આ જોઈ મંત્રીએ રાજાને ઉદ્યાનમાં ક્રોધ શમાવવા માટે ફરવા આવવા કહ્યું. આપ, આ કથાના પૂર્વાર્ધમાં બેટી-આપકર્મી કે બાપકર્મી આ કથાઘટકનો વિનિયેણ જોઈ શકાય છે.

ઉદ્યાનમાં ફરવા ગયેલા રાજાને સામે કોઢીવાઓનું ટોળું મળ્યું. આ ટોળાએ પોતાના નાયક ઉંબર માટે કોઈ દાસીકન્યાની માંગણી કરી. ક્રોધે ચઢેલ રાજાએ નક્કી કર્યું કે, મયણાંનો વિવાહ આની સાથે કરવો. રયવાડીથી પાછા ફરી મયણાના લગ્ન રાજાએ કોઢિયા ઉંબર સાથે જાહેર કર્યા. પ્રજામાં હાહાકાર મચી ગયો. મયણા શાંત રહી. પિતા સાથે પોતાનો તાત્વિક વિભેદ શાંતિથી રજૂ કરનારી મયણા કોઢિયા સાથેના લગ્નપ્રસંગે કર્મસિદ્ધાંતની સમજણથી ધૈર્યને ધારણ કરનારી બની. સમગ્ર ઘટનાથી પ્રજામાં હાહાકાર મચ્યો.કોઢિયાઓના ટોળા સાથે મયણા -શ્રીપાલ આવશે પહોંચ્યા. શ્રીપાળે મયણાને કહ્યું, "પિતાના ક્રોધના પરિણામે તારા લગ્ન મારી સાથે થયા છે. પરંતુ હું કોઢરોગથી ઘેરાયેલો છું, માટે તું તારી ઈચ્છા પ્રમાણે બીજો વર કરવા સ્વતંત્ર છે." તેથી સામે મયણાએ જે જવાબ આપ્યો, જે ભારતીય સતીઓની પરંપરાનું ઉજવળ ઉદાહરણ છે.

**"એહ વચન કેમ બોલીએ રે, ઈણે વચને જીવ જાય રે,**
**જીવજીવન તુમ વહાલા રે, અવર નામ ન ખમાય રે."**

બીજે દિવસે સવારે માયના શ્રીપાળને દર્શન કરવા કહે છે. બંને સાથે ઋષભદેવપ્રભુના મંદિરે પહોંચે છે. શ્રીપાળનો જીવ લઘુકર્મી હોવાથી પ્રભુના દર્શન અંતઃકરણમાં આનંદ છવાયો। ચૈત્યવંદન સમયે એક ચમત્કાર બન્યો કે શ્રીપાળના ગાળામાં પ્રભુના ગળાનો હાર અને બીજો રૂં સ્થપાયું. તેઓ ત્યારબાદ ગુરુભગવંત પાસે ગયા. ત્યાં માયણાએ કહ્યું, મને આ જે પરિસ્થિતિ થઇ છે, એના બીજું કોઈ દુઃખ નથી, પરંતુ જૈનધર્મની નિંદા થાય એ ઉચિત નથી. ગીતાર્થ ગુરુએ કહ્યું કે, ચિંતા ન કરો. તારા લગ્નથી આ ચિંતામણી રત્ન તારે હાથે આવ્યો છે. મયણાની વિનંતીથી ગુરુભગવાનતે રોગ-નિવારણ માટે આગમમાંથી મંથન કરી 'સિદ્ધચક્ર'ની આરાધના બતાવી. નવ આયંબિલ, પ્રત્યેક પદની ૨૦ માલા, અષ્ટપ્રકારી જિન પૂજન આદિ વિધિ દર્શાવ્યો. આ આરાધનામાં જેમ-જેમ આગળ વધતા ગયા, એમ શ્રીપાળનો સર્વ-રોગ દૂર થયો. શ્રીપાલ મૂળ ચંપાનગરીનો રાજપુત્ર હતો. પરંતુ પિતાના મૃત્યુ બાદ કાકાએ રાજ્ય કબ્જે કર્યું હોવાથી માતા સાથે વન-વન ભટકી રહ્યા હતા. ત્યાં કોઢિયાઓના ટોળામાં પુત્રને રક્ષા માટે સોંપ્યો. પરંતુ પુત્રને કોઢ થવાથી દુઃખી માતા ઉપાયના શોધમાં ભટકી રહી હતી. તે કોઈક ગુરૂના વચનથી અહીં આવી, અને નિરોગી પુત્ર-ગુણવાન પુત્રવધુ જોઈ પ્રસન્ન થઇ. મયણાના માતા-પિતાને આ ચમત્કારની ખબર પડી. એટલે આદરપૂર્વક તેઓ ઉજ્જૈની નગરીમાં લઇ ગયા. આનંદપૂર્વક વિલાસ કરતા એક દિવસ શ્રીપાળે પોતાની ઓળખાણ 'રાજાના જમાઈ' તરીકે

સાંભળી। એનો પોતાનો પુરુષાર્થ ઉલ્લાસ પામ્યો અને વિદેશગમન કર્યું. માર્ગમાં એક સિદ્ધ પાસેથી જળતરની અને શસ્ત્રોને લાગે તેવી બે ઔષદીઓ પ્રાપ્ત થી. ત્યાર બાદ સુવર્ણની પ્રાપ્તિ થઇ.કુમાર ભરૂચનગરે પહોંચ્યો. ધવલશેઠ ૫૦૦ વહાણોને લઇ સ્વદેશ જવા ઈચ્છતુંહોય છે, પણ તેના વહન ચાલતા નથી. દુષ્ટ શીકોતરી દેવીના કહેવાથી વહન ચાલે તે માટે બત્રીસલક્ષણાનો ભોગ લેવા તૈયાર થયો. તેના દસહજાર સુલ્ટી બળીને શોધતા કુંવર પાસે પહોંચ્યા, પણ દિવ્ય-ઔષધિને પ્રતાપે દસહજાર પર કુમાર એકલો જ પર્યાપ્ત થયો. આવા અપૂર્ણબળને જોઈ ધવલે કુમારને સાથે આવવા કહ્યું. ધવલની વિનંતીને માં આપી શ્રીપાલ દેશાંતર ભ્રમણ માટે વહાણમાં બેઠો. પુણ્યપ્રતાપે શ્રીપાળે આ દેશાન્તરમાં બબબરદેશ અને *ર્ણદ્વીપની રાજકુમારી પ્રાપ્ત કરી. અપાર ધનવૈભવ અને સુંદર કન્યા જોઈ લોભી ધવલશેઠે શ્રીપાળને દરિયામાં ફેંક્યો. શ્રીપાલ અધિષ્ઠાયક દેવોની સહાયથી ઠાણબંદરે પહોંચ્યો. અહીં ત્રીજી કન્યા સાથે વિવાહ કર્યો. ધવલશેઠે અહીં આવી શ્રીપાળને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શ્રીપાળે પૂર્વે કરેલી મદદને ધ્યાનમાં રાખી ને ધવલશેઠને માફ કરાવ્યો. ધવળશેઠ પોતાના પાપથી જ મૃત્ય પામ્યો. શ્રીપાલ ક્રમશઃ બીજી પાંચ સ્ત્રીઓ સાથે પરણ્યો. વિપુલ ધનવૈભવ વિશાલ સેન્ય સાથે ફરી ઉજ્જૈની આવી સસરાના ગર્વનું સંપૂર્ણ નિર્મૂલન કર્યું. ચંપાનગરી પર આક્રમણ કરી કાકાને યુદ્ધમાં પરાજય પમાડ્યો. પરંતુ કાકાએ તરત દીક્ષા લીધી, એ પ્રસંગે સાધુ બનેલા અજિતસેન કાકાનો હૃદયથી વિવેક કરતા શ્રીપાળની છબિ જોવા જેવી છે.

**હુઓ ચરિત્ર જુતો, સમિતિને ગુત્તો, વિષવાનો તારુંજી;**
**શ્રીપાલ તે દેખી, સુગુન ગવેષી મોહિયો વારુજી;**
**પરિણમે પરિવારે, ભક્તિ ઉંદરે, વિશ્વનો તારુજી;**
**કહે તુજ ગન થુણીયે, પાતક હણીએ આપણા વારુજી.**

ક્ષણ પહેલાના શત્રુ, દિખા લેતા જ શ્રીપાલ માટે આદરણીય બની જાય છે. થોડો પણ ઉપર કરનાર ધવલના ઉપકારને પછીના અપકારની હારમાળામાં પણ શ્રીપાલ ક્યારેય વિસરતો નથી. શ્રીપાળનું આ અપૂર્વ અઔચિત્ય જોઈને અપને ધન્ય થઈએ છીએ.

શ્રીપાળને નવરાણીથી નવ પુત્રો થયા. અપાર સુખ-વૈભવ ભોગવી, રાજ્યથી નિવૃત થઇ મયણા અને અન્ય રાણીઓ સાથે ભક્તિ-ભાવપૂર્વક નવપદની વિશેષ ઉત્સાહથી આરાધના કરી. આ પ્રસંગે આરાધનાની પુર્ણાહુતી પ્રસંગે શ્રીપાળે નવપદનું ચિંતન કર્યું. આ ચિંતનને ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાની સમર્થ કલમથી ચોથા ખંડની અગિયારમી ઢાળમાં આલેખ્યું છે. પ્રથમ અરિહંત ભગવન્ત વિશ્વવ્યાપક કરુણાને આલેખતા કહે છે કે, તેમણે વિશ્વકલ્યાણની ભાવનાથી વિસસ્થાનકની આરાધના કરી તીર્થંકર-નામકર્મ બાંધ્યું હતું. તેમના કલ્યાણકે નર્કમાં પણ અજવાળા થાય છે. તેઓ ભોગકર્મ ક્ષીણ થતા દીક્ષા ધારણ કરી જગતના સર્વજીવો પર કરુણા દર્શાવે છે. તેઓ વિશ્વના કલ્યાણ કરનારા મોટા સાર્થવાહ છે. તેઓ આઠ પ્રતિહાર્યો, પાંત્રીસ ગૂંથી વિષ્ણુ કલ્યાણ કરી રહ્યા છે. હવે બીજા સિદ્ધપદનો મહિમા આલેખતા કવિ કહે છે, જે સિદ્ધ છે તે કર્મથી

મુક્ત થઇ સિદ્ધશિલા પર બિરાજમાન થાય છે. આ સિધ્ધોની આત્માની નિર્મળતા એવી છે કે, જંગલમાં રહેનારો ભીલ સંયોગથી નગરમાં જાય, ત્યાંના સુખો અનુભવે, પણ તે બોલી ન શકે, એમ સિદ્ધત્વના ગુનોઓ પણ કહી શકાય એવા નથી. આ અરિહંતો અને કેવલીના અભાવમાં જિનશાસનને ચલાવનારા રાજા સમાન આચાર્યો હોય છે. તેઓ છત્રીસ ગુણને ધારણ કરનારા તેમજ શિષ્યની નિરંતર ચિંતા કરનારા હોય છે. એ જ રીતે ઉપાધ્યાય ભગવંતનો મહિમા કરતા કવિ કહે છે કે, જે મૂર્ખ શિષ્યને પણ ભણાવી કુશળ બનાવે, જાણે પથ્થરને અંકુશ ફોડી આપે. તે ઉપાધ્યાયો આચાર્યપદ યોગ્ય અને ગુણની હિતચિંતા કરનારા હોય છે. સાધુની વાત કરતા દશવૈલીકસૂત્રના ભાવને સુંદર રીતે આલેખ્યો છે. જેમ ફૂલ પર ભમરો બેસે અને પીડા નથી ઉપજાવતો, એવી રીતે મુનિ ઘરઘરથી અલ્પ-ગોચરી લઇ પોતાની ક્ષુધાને સંતોષે છે. જેઓ પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયોને જીતે છે અને છકાય જીવોનું પ્રતિપાલન કરનારા, અપૂર્વ કરુણાના ભંડાર હોય છે. દર્શન-ગુણનો મહિમા કરતા કહે છે કે, જેના વિના જ્ઞાન પ્રમાણ થતું નથી, ચરિત્ર ફળતું  નથી, તે સમ્યગ્ દર્શન મોક્ષમારનું મૂળ છે. માટે ભવ્યજીવો સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે અંદર સેવો। જ્ઞાનગુનનો મહિમા કરતા કહે છે, આ વિશવની સર્વ શુભ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. પરંતુ, આ શ્રદ્ધા પણ જો કોઈ મૂળ હોય તો જ્ઞાન છે.આ જ્ઞાન પ્રત્યે અંદર સેવો। એ જ રીતે ચરિત્ર એ આઠ કર્મોનો ક્ષય કરવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા એવી આનંદદાયી છે કે, શાસ્ત્રકારો કહે છે કે, એક વર્ષના દીક્ષાપર્યાવાળા મુનિના સુખ આગળ અનુત્તર વિમાનનું સુખ ઝાંખું પડે. અંતિમ તપપદ વિશે કવિ કહે છે કે, જેનાથી નિકાચિત કર્મ પણ ક્ષય થઇ શકે, તે તપ ક્ષમાશીત અદરવાથી મહાન લાભદાયી બને છે.આ તપનું ફળ અપાર છે. વળી, મોક્ષમાર્ગમાં મુખ્ય સહાયરૂપ છે. આમ, શ્રીપાલ રાજા નવપદનો મહિમામાં લિન થયા. થોડે સમયે આયુષ્ય પૂર્ણ થઇ નવમા દેવલોકમાં ગયા. તેઓ નવભવને અંતરે મોક્ષ પામશે। ઉપાધ્યાય યશોવિજયજીએ આ શ્રીપાલ કથા શ્રી ગૌતમસ્વામીએ શ્રેણિકરાજાને સંભળાવી, એ રીતે દર્શાવ્યું। આ કથા જ્યાં પૂર્ણ થઇ, ત્યાં જ પ્રભુ મહાવીરસ્વામી પધાર્યા.

તેમણે ભક્તિભાવપૂર્વક પ્રભુને વાંચ્યા. ત્યારે પ્રભુએ શ્રેણિકરાજાને ઉદ્દેશીને નવપદનો મર્મ સ્પષ્ટ કર્યો। આ મર્મ જ આ શ્રીપાલ કથાને કથાના માધ્યમથી આત્માનુભૂતિ કરાવનારી કથા બનાવે છે. પ્રભુ કહે છે કે, હે શ્રેણિકરાજા, નવપદનું સેવન કરી અનેક ભવ્ય જીવો મોક્ષને પામ્યા છે. પ્રભુ કહે છે,

**"આરાધનનું મૂલ જસ, આતમભાવ અઇહ,**
**તિણે નવપદ છે આતમા , નવપદ માંહે તેહ."**

એનું રહસ્ય સમજાવતા કહે છે કે, જે વસ્તુનું ધ્યાન કરવાથી જે ફળ મળે, તો એ વસ્તુમાં એ વસ્તુ ગર્ભિત હોવી જોઈએ. નવપદનું ધ્યાન કરતા શુદ્ધાત્મા સ્વારૂપ્ની પ્રાપ્તિરૂપ ફળ પ્રાપ્ત થાય છે, માટે નવપદ અને આત્મા વચ્ચે અભેદ છે. આ ધ્યાનની પ્રક્રિયાને વધુ સ્પષ્ટ કરતા ઉપાધ્યાય યશોવિજયજી કહે છે,

**'અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે,**
**ભેદ છેદ કરી આત્મા, અરિહંતરૂપી થાય રે.'**

દ્રવ્યથી-ગુણથી અને પર્યાયથી અરુહંતપદનું ધ્યાન કરવાથી આત્મા પોતાના અને અરિહંતના ભેદનો નાશ કરી અરિહંત સ્વરૂપે થાય છે. અરિહંતનું આત્મદ્રવ્ય તે વિશુદ્ધ-આત્મદ્રવ્ય-તેમના જ્ઞાનાદિક ગુનો અને તિર્થસ્થાપ્નરૂપી અપાર કરુણા ગુણનું ચિંતન સાથે જ તેમના રાજ્યવસ્થા, છદ્રસ્થાવસ્થા, સમવસરણસ્થ આદિ વિવિધ પર્યાયોનું ચિંતન કરવાથી આત્માનું અરિહંતપણું યા શુદ્ધત્વ પ્રગટે છે. આત્મા અરિહંતરૂપ બની જાય છે. આ જ રીતે નવે-પદોના ધ્યાન વિશે જાણવું. આમ, બાપકર્મી કે આપકર્મી જેવા કથાઘટકથી પ્રારંભેલી કથા શ્રીપાળના દેશાંતર

- (૧) બબબરકુલ (ઈરાન-ઇરાકની અજુંઅજુનો વિસ્તાર),
- (૨) ર્ણદ્વીપ (જવા સુમાત્રા),
- (૩) કોંકણ-થાણાનગર (થાણા-નાલાસોપારા),
- (૪) કુંડલપુર (બિહાર કે અન્ય સ્થળ),
- (૫) દલપત્તન (સમસ્યાપૂર્તિ ક્રિટે સ્થળ),
- (૬) કોલ્લાગપુર (કોલાડ સન્નિવેશ કે અન્ય રાધાવિધીનું સ્થળ)
- (૭) પુનઃ સોપારકનગર (નાલાસોપારા-કન્યાનું વિષ ઉતાર્યું તે સ્થળ),

થાણા અને ઉજ્જૈન, ચંપાનગરી થઇ અંતે આત્મધ્યાનમાં લિન થતી કથા અનેક સાંસ્કૃતિક, સામાજિક સંદર્ભો લઇ આવે છે. પરંતુ આ રસિક કથા અને અપને સૌને આત્માનુભૂતિ કરવા પ્રેરે છે. આ કથા શ્રીપાળની છે, પરંતુ તે નિમિત્તે આપણે આપણા આત્માની શ્રીને ઓળખનારા અને સાંભળનારા બનીએ, તો આપણે સાચા 'શ્રીપાળ' બનશું, જે આપણને મુક્તિનગરીમાં પ્રવેશવાના અધિકારી બનાવશે.

અંતે ઉપાધ્યાય યશોવિજયજી, પણ કહે છે, વિશ્વમાં જે સકળ સમૃદ્ધિ દર્શાવી છે, તે સર્વ દેહમાં રહેલ છે. એ જ રીતે નવપદમાં પણ સર્વ સમૃદ્ધિ કહી છે. તેનો આત્મા સાક્ષી છે. જિનેશ્વર દેવે તરવા માટેના અસંખ્ય યોગો કહ્યા છે, તેમાં નવપદ મુખ્ય છે. તેના ધ્યાનથી આત્મતત્વનું ધ્યાનને પરમ એ પછી સૌથી છેલ્લી ઢાળમાં ઉપાધ્યાયજીનો આ રાસરચના આનંદ છલકાય છે. કવિ કહે છે કે પ્રભુ આ શ્રીપાલ રાસની રચના કરતા સંતુષ્ટ થયા અને હું જ્ઞાનામૃત પામ્યો. આ જ્ઞાન અમૃતસમાન છે, જે ભવની તૃપ્તનું શમન કરે છે. આ અનુભવજ્ઞાન સર્વપ્રકારે પરમાનંદ આપનાર છે. માત્ર ગ્રંથોનો પોપટપાથ કરવાથી આ જ્ઞાન પ્રાપ્ત થતું નથી.આ જ્ઞાનને પ્રભાવે મારો સમકિત-સૂર્ય ઉદય પામ્યો છે. જે રચનાએ ઉપાધ્યાય યશોવિજયજી જેવા સમર્થ-જ્ઞાની પુરુષને અનુભવજ્ઞાનનો ઉદય કરાવનારી બની, તેનું આચમન કરી આવતી ઓળીમાં અપને આત્માનુભવમ=ના અધિકારી બનીએ એ શુભેચ્છા.

- **સંદર્ભ સૂચિ:**


- ૧) જૈન સાહિત્યનો બૃહદ્દ ઇતિહાસ-ભાગ-૬. પ્ર. કાશી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ, ગુજરાતીઃ અનુવાદ। ૧૦૮ સમવસરણ મંદિર દ્વારા પ્રકાશિત.
- ૨) મધ્યકાલીન કૃતિ સૂચિ- સં. ૭. પ્રા  ડૉ  કીર્તિદા શાહ. પ્રા  ગુજરાતી સાહિત્ય પરિષદ આવૃત્તિ પહેલી.
- ૩) શ્રીપાલ રાજાનો રાસ-સં પં  શ્રી રસિકલાલ શાંતિલાલ મહેતા। પ્ર. જૈન બુક ડીપો, કાલુપુર, અમદાવાદ-૧, સંશોધન પંદરમી આવૃત્તિ.


*********************


**ડૉ અભય દોશી**

abhaydoshi9@gmail.com

૯૮૯૨૬૧૭૮૨૭૮